રાજકોટનાં બારમાં અધિક ચીફ જયુ. મેજી. સાહેબની કોર્ટ, રાજકોટ

ક્રિ. કે. નં.:- ૯૫૦૦/૨૦૧૯

આંક-૦૭

ફરીયાદી: શ્રી સરકાર .... ફરીયાદી

વિરૂધ્ધ

૧) વિજય નટવરભાઈ ચોટાઈ

૨) ઈકબાલ હાનુભાઈ .... આરોપી

ગુન્હો:- જુગાર ધારા ની કલમ.- ૧૨

**ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ- ૨૫૨ મુજબ ઠરાવ**

**::હુકમ::**

(૧) આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતા આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ આરોપીને પોતાનો ગુનો કબુલ છે. તેવી પુરસીસ આંક-૪ થી રજુ કરતા નામદાર અદાલતને તમો ગુનો કબુલ કરવા બંધાયેલ નથી છતા પણ જો તે આ ગુનો કબુલ કરશે તો તેને મહતમ સજા થઈ શકે. ઉપરોકત સ્પષ્ટ સમજ આપ્યા બાદ આરોપીની પ્લી નોધવામાં આવી જેમાં પણ આરોપીએ ગુન્હાની કબુલાત આપી. ઉપરોકત કબુલાત સ્વેચ્છાપુર્વક આપેલ છે, તેની ખાતરી થયા બાદ આરોપીને થનાર સજા અંગે સાંભળ્યા.

(૨) આરોપીએ ગુન્હાની કબુલાત સ્વૈચ્છિક રીતે કરેલ હોય તેમજ આરોપીએ અદાલત સમક્ષ પરાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય, પોતાને અહેસાસ થયેલાનું જણાવેલ હોય, સવિશેષ ભવિષ્યમાં આવો ગુન્હો કરી કરશે નહી તેવી આ કોર્ટને બાંહેધરી આપી, આ પોતાનો પ્રથમ જ ગુન્હો હોય યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે. આ કામના આરોપીએ ગુન્હાનો એકરાર કરેલ હોય, આરોપીને સજા કરવી જોઈએ તેમ માનુ છું. પરંતુ આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતા તેમજ આરોપી પક્ષે અદાત સમક્ષ કરવામાં આવેલી રજુઆતોને લક્ષમાં લેતા તેમજ તાજેતરમા જ ન્યાયમુર્તિ ડો. જે. એન ભટ્ટ સાહેબે સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ( જીએલઆર-૨૦૦૫ (૧),જી.એલ.આર પાન નં.૭૦૯) ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો લક્ષમાં લેતા આ કામમાં આરોપીને હાલના ગુના સબબ સજાની જોગવાઈમા કોર્ટ ઉઠતા સુધીની સજા તથા દંડની સજા કરવી જોઈએ તેમ માનુ છુ. આરોપી સામેના ગુનાને તેમજ રજુઆતને લક્ષમાં લેતા આરોપીને તેમની સામેના ગુના સબબ થકસીરવાન ઠરાવવા રહયા જેથી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

(અ) આ કામના પ્રત્યેક આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ– ૨૫૨ મુજબ જુગારધારાની કલમ– ૧૨ અ ના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવી પ્રત્યેક રૂા. ૨૦૦×૨ (અંકે રૂપીયા બ સો પુરા) દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે. દંડની કસુર બદલ દિવસ–૦૫ ની સાદે કેદ ભોગવવી. મુદ્દામાલ ચલણી નોટો સરકાર ખાલસા કરવી જયારે જગુાર સાહિત્યનો નાશ કરવો. આરોપીઓના બેઈલ બોન્ડ રદ કરવા.

આરોપીના જાત – જામીન , જાત મુચરકા રદ ગણવા.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**(પી.કે.રાય)**

૧૨માં એડી.ચીફ.જયુ.મેજી.

રાજકોટ.

સ્થળ : રાજકોટ.

તા: ૧૩/૦૭/૧૯